# વર્ષોના અંતે પણ જાહેર શૌચાલયોને તાળાબંધી : નગરજનોમાં આક્રોશ

## લાખોના ખર્ચા બાદ પણ શૌચાલયો લોકઉપયોગી ન થતા ખંડેર હાલતમાં

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં એક બાજુ વિકાસ કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે ત્યારે આમ નાગરિકોને પાયાની સુવિધા પુરી પાડવા ખર્ચાયેલ લાખો રૂપિયા પર પાણી ઢોળ થઈ ગયું હોવાની સ્થિતિ સર્જાઈ છે. શહેરના સેકટરોમાં નિર્માણ કરાયેલા ટોયલેટ બ્લોક અને ઉપયોગના અભાવે હવે ઉધઈ કોતરી જાય તેવી સ્થિતિ છે. આમ છતાં વર્ષોના અંતે પણ શૌચાલયોના તાળા ન ખુલતા ગંદકી સહીતની અનેક સમસ્યાએ અજગર ભરડો લીધો છે.

હાઈટેક બનતા શહેરમાં અચાનક રોડ નેટવર્ક અને અદ્યતન બિલ્ડીંગો બાંધવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આવા સંજોગોમાં આમ નાગરિકોને પાયાની સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં તંત્ર નિષ્ફળ નિવડયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

નગરમાં જાહેર સ્થળોએ નવા બનાવાયેલા શૌચાલયોને વર્ષોના અંતે પણ હજુ તાળા વાગેલા છે. આ શૌચાલયો બાંધવા માટે લાખો રૂપિયાનો ખર્ચ થયો છે. ત્યારે લાખોના ખર્ચ પછી પણ આ સુવિધા લોકઉપયોગી બની શકી નથી. એક બાજુ શૌચાલયોનું સંચાલન કરવા કોઈની જવાબદારી નક્કી થતી નથી ત્યારે નવા શૌચાલયો ઉપયોગના અભાવે ખંડેર બન્યા છે. શૌચાલયોની તાળાબંધીના લીધે ગંદકી સહીતના અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. શહેરમાં કરોડોના વિકાસ કામોને અંજામ આપવામાં આવ્યો છે. ત્યારે મૂળભૂત સુવિધાના કામો પૂર્ણ થયા બાદ પણ લોકઉપયોગી ન બનતા સ્થાનિક રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રર્વત્યો છે. ઝૂંપડાવાસીઓ માટે પણ શૌચાલયોની વ્યવસ્થા ન ગોઠવાતા ગંદકીની સમસ્યા પેચીદી બની છે. શહેરમાં ઘ-૨, સે-૭, સે-૨૮ બાલોદ્યાન સહીતના સ્થળોએ નવા બનાવાયેલા શૌચાલયોના તાળા ખૂલે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ખોદકામ બાદ અસ્તિત્વમાં આવતા ગાબડાઓના લીધે ભયજનક સ્થિતિ

## ખાડાઓ પુરવાની જવાબદારી નક્કી ન થતા અમદાવાદની સંસ્થાએ આર.ટી.આઈ. મારફતે વિગતો માંગી

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં આડેધડ ખોદકામગીરીના અંતે અસ્તિત્વમાં આવતા ગાબડાઓના લીધે વારંવાર અકસ્માતો સર્જાય છે. જ્યારે જાહેર સ્થળોએ અસ્તિત્વમાં આવતા ખાડાઓનું પુરાણ પણ સમયસર થતુ નથી. આવા સંજોગોમાં આ મામલે તંત્રની જવાબદારી પણ નક્કી ન થતા આમનાગરિકો અને પશુઓ માટે ભયજનક સ્થિતિનું નિર્માણ થાય છે. આવી ભયજનક સ્થિતિ નિવારવાની જવાબદારી કોની તે મામલે અમદાવાદની સર્વીમા સંઘ નામની સંસ્થા દ્વારા આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગવામાં આવી છે.

શહેરમાં વિકાસના તેમજ માળખાગત સુવિધાના કામો સંદર્ભે વારંવાર ખોદકામગીરી હાથ ધરવામાં આવે છે. પાણી-ગટર લાઈન ઉપરાંત ગેસ વીજળી અને ટેલીફોન કેબલો નાંખવા પણ ઠેર ઠેર ખોદકામ થતુ હોય છે. જ્યારે આ ખોદકામગીરીના અંતે યોગ્ય રીતે અને સમયસર માટીકામ ન થતા જાનલેવા અકસ્માતો પણ સર્જાતા હોય છે. જાહેર સ્થળો પર અસ્તિત્વમાં આવતા તોતિંગ ખાડાઓમાં ક્યારેક આમનાગરિકો તો ક્યારેક રખડતા પશુઓ પડી જતા અકસ્માત થતા હોવાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવે છે. તાજેતરમાં જ સે. ૩૦માં ખાડામાં ફસાયેલી ગાયને ફાયરબ્રિગેડના જવાનોએ મહામહેનતે બહાર કાઢી હતી. જાહેર સ્થળોએ આધેડધ ખોદકામ બાદ સર્જાતી ભયજનક સ્થિતિ નિવારવા તંત્રકક્ષાએ પણ કોઈ જવાબદારી નક્કી થઈ ન હોવાનું સ્પષ્ટ થયું છે. જ્યારે માટીપુરાણ ન થયુ હોય તેવા કિસ્સામાં પણ જવાબદાર એજન્સી સામે કોઈ પગલા લેવાતા નથી. અકસ્માતોને ધ્યાને લઈ આ મામલે જવાબદારી નક્કી કરવાનો સમય પાકી ગયો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજીતરફ અમદાવાદ સ્થિત અહીંસા સંઘ નામની સંસ્થા દ્વારા આ અંગે જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ આર.ટી.આઈ. મારફતે વિગતો પણ માંગી છે.




ગાંધીનગરમાં આવેલ નાણાવટી પ્રી - પ્રાયમરી સ્કૂલ ખાતે ફેન્સી ડ્રેસ કોમ્પીટેશન યોજાઈ હતી તે પ્રસંગની તસવીર.

## બાપુ કોલેજમાં આજે રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧૭

જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા શંકરસિંહ બાપુ કોલેજ વાસન ખાતે આજરોજ મંગળવાર, સવારે ૧૦.૦૦ કલાકે રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી કેન્સર હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. હોસ્પિટલમાં દાખલ થયેલા ગરીબ દર્દીઓને ઉપયોગી થાય તે હેતુથી રક્તદાન કેમ્પ યોજવામાં આવશે.

# ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લીડરશીપ ટ્રેનીંગ અંગે કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ સે. ૭ના કોમ્યુનીટી હોલમાં લીડરશીપ ટ્રેનીંગનું આયોજન કરેલ છે. આ ટ્રેનીંગ કેમ્પમાં દિલ્હીથી ખાસ માસ્ટર ટ્રેનરો આવનાર છે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને સે. ૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે એક કારોબારી બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, વિક્રમસિંહ ખાચર તથા મીનાબા વાઘેલાએ લીડરશીપ ટ્રેનીંગ અંગે વિગતવાર માહિતી આપી હતી. પ્રમુખ મુકેશ પટેલે આ શિબીરમાં મુખ્યત્વે કોંગ્રેસના આગેવાનો દ્વારા પક્ષનું સંગઠન છેક મુળ સુધી કેવી રીતે પહોંચશે તેનો તખ્તો તૈયાર કરી આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ સે. ૭ના કોમ્યુનીટી હોલમાં લીડરશીપ ટ્રેનીંગમાં દિલ્હીથી ખાસ ટ્રેનરો આવશે તેવી માહિતી આપી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ પક્ષના અન્ય હોદ્દેદારો આ ટ્રેનીંગમાં હાજર રહેશે. આ શિબિરમાં ચિંતન કરવા માટે શહેરમાંથી વધુ પ્રમાણમાં કાર્યકરો જોડાય તે માટે કોંગ્રેસ કાર્યાલયનો સંપર્ક કરવા અનુરોધ કરાયો હતો. આ બેઠકમાં કે.આર. પટેલ, કે.પી. સોલંકી, અજીતસિંહ ગોહિલ, મુકેશ મારૂ, અશ્વિન વ્યાસ, હસમુખ મકવાણા, જીતુ રાયકા, હર્ષજીત પંડ્યા, સી.એમ. વર્મા, હિંમતસિંહ મેકવાન, કુમુદબેન વાઘેલા, જસીબેન શ્રીમાળી, ભાનુમતીબેન રોહીત તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# અજાણ્યા યુવાનના હત્યારાઓ સુધી પહોંચવા પોલીસ નિષ્ફળ

ગાંધીનગર, તા.૧૭

શહેરની નજીકના વલાદ ગામની સીમમાં રોડની સાઈડમાંથી ગઈ કાલે સવારે અજાણ્યા યુવાનની ક્રુરતાથી હત્યા કરીને ફેંકી દેવાયેલી લાશ મળી આવતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. ડભોડા પોલીસે તપાસ આરંભી દીધી છે ત્યારે હત્યાના બીજા દિવસે પણ પોલીસ સુરાગ મેળવવા હવાતિયા મારી રહી છે.

વલાદ પાટીયા પાસે આશરે ૪૦ વર્ષનો અજાણ્યો યુવાન જેના હાથ ઉપર હિન્દી ભાષામાં રાજેન્દ્રસિંહ અને અનિતા નામ કોતરાવેલું છે તેની લાશ મળી આવી હતી. જેના હત્યારાઓ સુધી પહોંચવા પોલીસ બીજા દિવસે પણ હવાતીયા મારી રહી છે.

## સેક્ટર-૩/સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૭

શ્રીમતી મધુબેન કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો સેક્ટર-૩-સી પ્લોટ નં. ૪૮૨/૧ શ્રી ચેતનાબેન રાજુભાઈ મોમીને તા. ૧૮મી ફેબ્રુઆરી બપોરે અઢી વાગે યોજેલ છે.

# લીમ્બડીયા કેનાલમાંથી બાળકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક ડભોડાની હદમાંથી પસાર થતી નર્મદા લિંબડીયા કેનાલમાં આજે સવારે આશરે ૧૦ વર્ષની ઉંમરના બાળકનો મૃતદેહ પાણીમાં તરતો મળી આવ્યો હતો. આ સંદર્ભે ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ડભોડા પાસેથી નર્મદા કેનાલ પસાર થાય છે. જ્યાં લિંબડીયા ગામની સીમમાંથી પસાર થતી કેનાલના પાણીમાં એક બાળકનો મૃતદેહ તરતો સ્થાનિકોને નજરે પડ્યો હતો.

આથી પોલીસને જાણ કરતા પોલીસ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી અનો મૃતદેહનો પાણીમાંથી બહાર કઢાવ્યો હતો. પોલીસે તેની તપાસ કરતા મૃતક બાળકે શરીરે કાળા રંગની ટી-શર્ટ પહેરી હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં બાળક કુદરતી હાજતે ગયો હશે અને પાણી લેવા જતા પગ લપસી જવાથી ડુબી ગયો હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ સંદર્ભે ડભોડા પોલીસે અકસ્માતે ગુનો નોંધી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

## સેક્ટર-૪/ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૭

શ્રીમતી ભાનુમતીબેન બી. ઠક્કરે પ્લોટ નં. ૯૪૯/૨ સેક્ટર-૪-ડીને ત્યાં તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ બપોરે અઢી વાગે શ્રીમતી મધુબેન કે. ડકીકરના કંઠે આનંદનો ગરબો યોજેલ છે. મા મેલડી આનંદ ગરબા મંડળની યાદીમાં જણાવે છે.

# અશ્વ શો માં ગ્રાહક સુરક્ષા દ્વારા ઉભા કરાયેલા સ્ટોલનું સમાપન

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સરકાર દ્વારા અંબોડ (મીની પાવાગઢ) ખાતે મહાકાલી અશ્વ શો નું આયોજન જેમાં ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા ગ્રાહકોના રક્ષણ માટે સ્ટોલ ઉભો કરવામાં આવ્યો હતો. જેનું સમાપન અશ્વ શો ની સાથે કરવામાં આવ્યું હતું.

વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ ગાંધીનગર દ્વારા અંબોડ ખાતે યોજાયેલ અશ્વ શો માં રાજ્ય અને રાજ્ય બહારના અશ્વોના માલિકોએ ભાગ લીધો હતો જેને નિહાળવા માટે રાજ્યભરમાંથી પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. ત્યારે પ્રવાસીઓનએ ગ્રાહક તરીકે પોતાના હક્કો અને રક્ષણ માટેની જાણકારી મળી રહે તે માટે સ્ટોલ ઉભો કરવામાં આવ્યો હતો.

જેમાં ગ્રાહકોના રક્ષણ માટેની જરૂરી માહિતી સાથેની ૫૦,૦૦૦ પત્રિકાઓની વિતરણ નિયંત્રકશ્રી કાનૂની માપ, વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતો તરફથી વિતરણ કરવામાં આવ્યું હતું. જેનું સમાપન અશ્વ શો ના છેલ્લા દિવસે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ ચતુરજી ઠાકોર, મહિલા પ્રમુખ જયાબેન લાડ, સલાહકાર એ.બી. મકવાણા, અજીતસિંહ રાણા, અમરતજી વાઘેલા અને બાબુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## પોરમાં ઉર્સમુબારક

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના પોર ગામે હઝરત બાજનશા દરગાહ શરીફનો ઉર્સ મુબારક તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ શાને સોકતથી મનાવવામાં આવશે. દરગાહ ખાતે સવારે વાયઝ તરકરીર બાદ ન્યાઝનો પ્રોગ્રામ રાખવામાં ઓલ છે.

# સે-૮ સરકારી પ્રાથમિક શાળાનો પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૮ ખાતે શાળાનો પ્રથમ વાર્ષિકોત્સવ તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧-૦૦ કલાકે યોજવામાં આવશે.

શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે અવનવી સ્પર્ધાઓ યોજવામાં આવતી હોય છે. શાળાનો વિદ્યાર્થી હંમેશા નામ ગુંજતું કરે તેવી ઈચ્છાઓ શિક્ષકગણ કરતો હોય છે ત્યારે ગાંધીનગરના સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં પ્રથમ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે શાળાના પ્રાંગણમાં શાસનાધિકારી સાહેબની ઉપસ્થિતિમાં યોજવામાં આવશે.

જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. તેમજ વર્ષ દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવશે. આ પ્રસંગે શાળા પરિવાર સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## સેકટર-૧૧માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૭

શ્રીમતી ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણીના સુરમધુર કંઠે તા. ૧૮મી ફેબ્રુઆરીના બપોરે એક વાગે સેકટર-૧૧માં કથા મંડપમાં આનંદના ગરબાનું આયોજન કરેલ છે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

# સેક્ટર-૧૫ સ્થિત વિજ્ઞાન કોલેજનો કાર્યક્રમ ટેલેન્ટ-૨૦૧૪ યોજાયો


ગાંધીનગર, તા. ૧૭

નગરની સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ટેલેન્ટ-૨૦૧૪ ટાઉનહોલ સે. ૧૭ ખાતે યોજવામાં આવ્યો હતો. કોલેજના ૭૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભાગ લીધેલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

શહેરમાં સેકટર-૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ટેલેન્ટ-૨૦૧૪ યોજવામાં આવ્યો હતો. વેલેન્ટાઈન દિવસના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિજ્ઞાનના વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મ્યુઝીક, નૃત્યો, લોકગીતો અને નાટકો આગવી શૈલીમાં રજુ કરી ઉપસ્થિત મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી નાખ્યા હતા.

ટેલેન્ટ-૨૦૧૪માં ૭૫ વિદ્યાર્થીઓએ સ્ટેજ પર પરફોર્મન્સ કર્યુ હતુ. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા લોકગીતો અને નાટકો કરી વિદ્યાર્થીઓએ પોતાની કલા પિરસી રસતરબોળ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમ સંચાલન તારક ઠક્કર અને વાય.એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પ્રો. વૈશાલી પાઠક, ડૉ. પી.એ. વાઢેર, પ્રો. પી.એસ. પટેલ, પ્રો. બી.કે. ત્રિવેદી, પ્રો. એમ.એસ. બક્ષી, સહિત કોલેજના જી.એસ. એલ.આર. અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમને અંતે શ્રેષ્ઠ વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.




સેકટર-૧૧ ખાતે ચાલી રહેલ ભાગવતગીતા સપ્તાહમાં ગઈકાલે ભાવિભક્તોએ કથા-શ્રવણનો લાભ લીધો હતો. તા. ૧૩ થી શરૂ થયેલી આ કથાનું રસપાન જાણીતા કથાકાર પૂ. ચિન્મયાનંદજી કરાવી રહ્યા છે.
(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હસી તો ફસી :૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ ચીમનભાઈ ખુશાલભાઈ (ઉ.વ. ૮૦) સેકટર-૧૩ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ. રબારી કમશીભાઈ ધુળજીભાઈ (ઉ.વ. ૬૦) સેકટર-૧૪, ગોકુલપુરા, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર શકરીબેન બેચરજી (ઉ.વ. ૮૧)મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઠાકોર મંગાજી ભઈજીજી (ઉ.વ. ૮૩)મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.